# જિલ્લામાં દિવાળી બાદ પણ રોડના કામ અદ્ધરતાલ

## રોડના નવીનીકરણની વાતો ફારસરૂપ, ભંગાર રોડથી પ્રજા-વાહન ચાલકોમાં જબ્બર આક્રોશ

બાયડ તા.૧૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગત ચોમાસા દરમ્યાન ગામડાંના ૫૦ થી પણ વધુ માર્ગો અત્યંત ભંગાર હાલતમાં ફેરવાઈ ગયા પછી તંત્ર દ્વારા દિપાવલી પૂર્વે રોડના રીસરફેસીંગના કામ શરૂ કરવામાં આવશે તેવી વાતો કરવામાં આવી હતી પરંતુ ૨ મહિનાનો સમય વીતી ગયા પછી પણ રોડનાં નવીનીકરણનાં કામ અદ્ધરતાલ બની જતાં વાહન ચાલકોમાં જબ્બર આક્રોશ પ્રવર્તિ રહ્યા છે. બંન્ને જિલ્લાના ૧૪ તાલુકાઓના કેટલાક ગામડાંના ડામર રોડ અત્યંત ભંગાર અવસ્થામાં ફેરવાઈ ગયા છે. જેના કારણે અકસ્માતોની હારમાળા શરૂ થઈ હોવા છતાં રીસરફેસીંગની વાતો ફારસરૂપ બની રહી છે.

રાજ્ય સરકાર ગામડાંના ડામર રોડ સુધારવા માટે વર્ષે-દહાડે કરોડો રૂપિયાનું આંધણ કરે છે પરંતુ હલકી ગુણવત્તાના કામના કારણે ટૂંક સમયમાં જ ડામર રસ્તાઓનું બાળમરણ થતું હોય છે. જ્યારે રસ્તાઓ સુધારવા પાછળ પણ ભ્રષ્ટાચાર આદરી કોન્ટ્રાક્ટરો મલાઈ ચાટી જતા હોય છે. જિલ્લામાં ગત ચોમાસામાં અતિવૃષ્ટીના કારણે બંન્ને જિલ્લામાં ૫૦ થી વધુ ડામર રસ્તાઓ અત્યંત ભંગાર હાલતમાં ફેરવાઈ ગયા હતા જેથી માર્ગ અને મકાન વિભાગ સમક્ષ રસ્તાઓ સુધારવા માટે રજૂઆતો સ્થાનિક આગેવાનો દ્વારા કરવામાં આવી હતી જેમાં દિપાવલી પહેલાં રસ્તા ડામરથી ટનાટન થઈ જવાની લોલીપોપ આપવામાં આવી હતી.

દિપાવલીના તહેવારને સંપન્ન થયે ૨ મહિનાથી પણ વધુનો સમય વીતી ગયો છતાં હજુ સુધી ડામર રસ્તાઓ ભંગાર હાલતમાં સબડી રહ્યા છે. કેટલેક ઠેકાણે તંત્ર દ્વારા માત્ર ગાબડાં પૂરી થીગડાં મારવામાં આવ્યાં છે. જ્યારે દિપાવલી સમયે ભંગાર થયેલા રસ્તાઓ હવે વધુ જોખમી બની જતાં અંતરીયાળ ગામોને જોડતા માર્ગો વાહન વ્યવહાર માટે અકસ્માત ઝોન જેવા બનવા લાગ્યા છે. તંત્રએ માત્ર થીગડાં મારીને કામ આટોપી લીધા પછી રસ્તાના નવીનીકરણના કામો અભરાઈએ ચઢી જતાં આગામી સમયમાં ડામર રોડના કામો માટે પ્રજા ગાંધી ચિંધ્યા માર્ગે જાય તો કદાચ નવાઈ નહીં હોય.

# જિલ્લામાં ઠંડીએ ફરી દાંત કચકચાવ્યા

## બાયડમાં લઘુત્તમ તાપમાન ૯ ડીગ્રી નોંધાયું

બાયડ તા.૧૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં છેલ્લા ૨-૩ દિવસથી બદલાવ આવ્યો છે. કેટલાક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી માવઠું વરસ્યા પછી સોમવારે સવારે ઠંડીએ ફરીથી દાંત કચકચાવતાં જનજીવન ધ્રુજી ઉઠ્યું છે. બાયડમાં લઘુત્તમ તાપમાનનો પારો ૯ ડિગ્રીએ પહોંચી જતાં નગરજનોએ કાતિલ ઠંડીનો ફરીવાર અનુભવ કર્યો છે. જિલ્લામાં હજુ પણ બે દિવસ માટે કોલ્ડવેવની સ્થિતિ યથાવત રહે તેવું મોસમના મિજાજ ઉપરથી જણાઈ રહ્યું છે. જિલ્લામાં આજ પ્રકારે ઠંડીનો સપાટો રહ્યો તો જનજીવન પ્રભાવિત થવાની સાથે કાતિલ ઠંડી માનવ તેમજ મૂંગા પશુઓ માટે આત્મઘાતી સાબિત થાય તેવી દહેશત છે.

ગત રવિવારે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ભરશિયાળે કમોસમી વરસાદ વરસતાં વાતાવરણ ડહોળાઈ ગયું હતું. આકાશમાં વાદળછાયું વાતાવરણ તેમજ ધુમ્મસના કારણે શિયાળો હોંશિયામાં ધકેલાઈ ગયો હતો પરંતુ હમણાંથી વાતાવરણે રૂખ બદલ્યો છે અને વાદળો હટ્યા પછી ઠંડીનું પ્રમાણ વધુ અનુભવાઈ રહ્યું છે. તા.૧૦ના રોજ બંન્ને જિલ્લામાં લઘુત્તમ તાપમાનનો પારો નીચો ગગડતાં સૌ કોઈએ હાડ થીજવતી ઠંડી અનુભવી હતી. વહેલી પરોઢે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ધુમ્મસનું આવરણ છવાઈ જવાની સાથે ખેતરોમાં ઉભા પાક ઉપર ઝાકળ વર્ષા થતાં ખેતી પાકોમાં રોગચાળો વકરવાની દહેશત ખેડૂતોને સતાવી રહી છે. જ્યારે ફરીથી ઠંડીએ હાંજા ગગડાવી નાખતાં જનજીવન ગરમ વસ્ત્રોમાં લપેટાઈ ગયું છે. ઠેર ઠેર ઠંડીથી બચવા માટે પ્રજા તાપણાંનો સહારો લઈ રહી છે. જ્યારે ઠંડી અને ધુમ્મસના આવરણના કારણે વિજયનગરના અંતરીયાળ વિસ્તારોમાં હીલ સ્ટેશન જેવો માહોલ ખડો થયો છે. હવામાન વિભાગનું માનીએ તો આગામી બે દિવસ સુધી કોલ્ડવેવની સ્થિતિ યથાવત રહેવાની છે.

# કાતિલ ઠંડી : જિલ્લામાં આદુ અને આંબા હળદરના વેચાણમાં ઉછાળો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

કોરોનાએ બધાને જીવવું છે તે પૂરવાર કરી દીધું છે. કાતિલ ઠંડી અને તેમાંય કોરોનાનો કહેર વધતાં પ્રજાએ પોતાની આરોગ્ય સુખાકારી જોખમાય નહીં તે માટે આદુ અને આંબા હળદરનું વર્ષ-૨૦૨૧ની વસમી વિદાયે ઘેર..ઘેર દહેશતનો માહોલ ૧૦ મહિના સુધી ઉભો કર્યો અનેક પરિવારો અને વેપારીઓ કોરોનાની મહામારીના કારણે પાયમાલ થઈ ગયા છે. પરંતુ હવે આવી સ્થિતિ પણ સ્વીકાર્યા વગર કોઈ છૂટકો ન હતો. અનલૉક-૫.૦





સેવન વધારી ઈમ્યુનીટી સીસ્ટમ વધુ મજબૂત કરવાના પ્રયાસ કરતાં વેચાણમાં ઉછાળો આવ્યો છે. જિલ્લામાં દેશી આદુના વેચાણકારોના ત્યાં ખરીદી માટે સવારે ભીડ જોવા મળી રહી છે.

મૃત્યુ એ કડવું સત્ય છે પરંતુ કોરોનામાં સપડાઈને રીબાઈ રીબાઈને કોઈને પણ મરવું નથી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં બિનસત્તાવાર રીતે કોરોનાના કારણે ૫૦૦ થી વધુ લોકો મોતને ભેટ્યા છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ કાબુમાં હોવાના દાવા વચ્ચે આજે પણ જિલ્લામાં નોંધપાત્ર કેસ ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. પછી ધીરે ધીરે બધું જ રાબેતા મુજબ થતું ગયું અને હવે ધંધા-રોજગાર પણ એકંદરે ધમધમી રહ્યા છે ત્યારે પ્રજાએ નવા વર્ષના આરંભથી જ કોરોનાને ઘરના આંગણા સુધી ન ડોકાય તે માટે ખાસ કરીને આયુર્વેદીક પદ્ધતિથી ઉપચારના અનેક નુસ્ખાનો પ્રજા અમલ કરી રહી છે. પ્રજા તો ઠીક હવે તો તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા ધંધાદારીઓના પરિવારજનો પણ આદુ અને આંબા હળદરનું સર્વાધિક સેવન કરી રહ્યા છે. લાગે છે કે અનેક વિસ્તારોમાં હવે આદુ અને આંબા હળદરની ખેતીમાં ઉછાળો આવી શકે છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કલેક્ટરના જાહેરનામાનો અનાદર

### મોડાસામાંથી પ્રતિબંધીત ચાઈનીઝ દોરી ઝડપાઈ, બેરોકટોક પ્રતિબંધીત વસ્તુઓનો વેપાર

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉત્તરાયણ પર્વમાં માનવ અને પક્ષીઓની જીંદગી સામે જોખમ ઉભું ન થાય તે માટે કલેક્ટર દ્વારા ચાઈનીઝ દોરી અને તુક્કલના વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. પરંતુ જાહેરનામાનો સરેઆમ અનાદર થઈ રહ્યો છે. મોડાસામાંથી પોલિસે ૪ સ્થળેથી ચાઈનીઝ દોરી અને તુક્કલનો જથ્થો લઈ કાર્યવાહી કરી છે. પરંતુ મોટાપાયે પ્રતિબંધીત વસ્તુઓ વેચનારા હોલસેલ વેપારી સામે પગલાં ભરવામાં આવે તો જ ચાઈનીઝ દોરીના દૂષણમાંથી મુક્તિ મળી શકે છે. જિલ્લામાં પોલિસના છુપા આશીર્વાદના કારણે અનેક ગેરકાયદે ધંધા ફુલ્યાફાલ્યા છે.

ઉત્તરાયણ પર્વ નજીક આવે ત્યારે છેલ્લા ૪ વર્ષથી તંત્ર જુનું જાહેરનામાની નકલમાં તારીખમાં ફેરફાર કરી ચાઈનીઝ દોરી અને તુક્કલના વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવે છે. પરંતુ દુઃખની વાત એ છે કે જિલ્લા કલેક્ટર દ્વારા બહાર પાડવામાં આવતા જાહેરનામા પૈકી ૯૮ ટકા જાહેરનામાનો અમલ થતો નથી. અત્યારે કોરોનાની વકરતી સ્થિતિના કારણે કલમ-૧૪૪ મુજબ જાહેરનામું અમલી હોવા છતાં બજાર, મોલ સહિતના જાહેર સ્થળોએ લોકોનાં ટોળેટોળા ઉમટી રહ્યા છે. જેના કારણે સંક્રમણ વધુ બેકાબૂ થઈ રહ્યું છે. જ્યારે ઉત્તરાયણ પર્વને લઈને સાબરકાંઠા-અરવલ્લી કલેક્ટર દ્વારા ચાઈનીઝ દોરી અને તુક્કલના વેચાણ ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છતાં જાહેરનામું બેઅસર હોય તેમ જિલ્લાના શહેરી વિસ્તારોમાં લેભાગુ વેપારીઓ તંત્ર અને પોલિસના ડર વગર ચાઈનીઝ દોરીનું વેચાણ કરી રહ્યા છે.

# બાયડના જાણીતા સર્જન ડૉ.મિનેષભાઈ ગાંધીની ગુજરાત રાજ્ય સર્જન એસોસીએશનના પ્રમુખ તરીકે નિયુક્તિ

બાયડ તા.૧૦

બાયડના જાણીતા સર્જન ડૉ.મિનેષભાઈ ચંપકલાલ ગાંધી(વિશ્વા સર્જીકલ હોસ્પિટલ-બાયડ)ની ગુજરાત રાજ્ય સર્જન એસોસીએશનના પ્રમુખ તરીકે નિયુક્તિ કરાતાં તબીબી આલમમાં ખુશાલી છવાઈ છે. તેઓ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા સર્જન એસોસીએશનના પ્રમુખ તરીકે વર્ષ-૨૦૧૭થી અત્યાર સુધી યશસ્વી સેવા આપી રહ્યા છે. તેઓની રાજ્ય સર્જન એસોસીએશનના પ્રમુખ તરીકે નિયુક્તિ થતાં માદરે વતન મોડાસા તાલુકાના સાકરીયા ગામમાં પણ ખુશાલી છવાઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સમગ્ર ઉત્તર ગુજરાતમાં બાયડ મેડીકલ સેન્ટર તરીકે ઉભરી રહ્યું છે. દર્દીઓને અત્યંત સસ્તી સારવાર મળતાં જિલ્લાના અનેક તાલુકા તેમજ ગાંધીનગર, ખેડા, મહિસાગર, રાજસ્થાનના દર્દીઓ પણ બાયડમાં સારવાર માટે આવતા થયા છે. વર્ષ-૨૦૧૭માં સાબરકાંઠા, અરવલ્લી સર્જન એસોસીએશનના પ્રમુખ તરીકે બાયડના યુવા તબીબ ડૉ.મિનેષભાઈ ગાંધીની નિયુક્તિ



કરવામાં આવી. તેઓએ એક સફળ સુકાની તરીકે સેવાઓ આપી જેની રાજ્ય સ્તરે પણ નોંધ લેવામાં આવી. ગત રોજ પ્રેસિડેન્ટ ઓફ એસોસીએશન ઓફ સર્જન્સ ઓફ ઈન્ડીયા ગુજરાત ચેપ્ટર ફોર-૨૦૨૨ ના ૧ વર્ષ માટે પ્રમુખ તરીકે તેમની નિયુક્તિ થતાં જિલ્લાના તબીબોએ તેમને અભિનંદન આપ્યા હતા. બાયડના પૂર્વ ધારાસભ્ય ડૉ.મહેન્દ્રભાઈ એસ. પટેલ, ડૉ.પ્રકાશભાઈ જી. શાહ, ડૉ.મુકેશભાઈ શાહ, ડૉ.સુનિલભાઈ શાહ, ડૉ.બાબુભાઈ પટેલ, ડૉ.મેહૂલ શાહ, ડૉ.દર્શન પટેલ, ડૉ.ઈશાની પટેલ, ડૉ.કૃતિક શાહ, ડૉ.ઈશા શાહ, ડૉ.અલ્પેશભાઈ પટેલ, ડૉ.અનિલભાઈ શાહ, ડૉ.હાર્દિક પટેલ, ડૉ.જીમી ચૌધરી, ડૉ.દિપેન પંચાલ, ડૉ.અમૃતભાઈ પટેલ, ડૉ.હિમાંશુ પટેલ, ડૉ.નિમેષ સાલ્વી, ડૉ.જીજ્ઞેશ પટેલ, ડૉ.દુર્ગેશ પટેલ, ડૉ.શકુન્તલાબેન પટેલ, ડૉ.મિતેષભાઈ સોની, ડૉ.ભૂપેન્દ્રભાઈ શાહ, ડૉ.મહેન્દ્રભાઈ બી. પટેલ, ડૉ.દિપક પટેલ, ડૉ.પંકજ શાહ, ડૉ.દર્શક ચૌધરી, ડૉ.રવિ પટેલ, ડૉ.ધ્રૂવ પટેલ, ડૉ.પ્રશાંત ભાટીયા, સ્વ.ડૉ.મયૂરભાઈ શાહ પરિવાર, ડૉ.સંજયભાઈ શાહ, ડૉ.નંદીનીબેન શાહ, ડૉ.ભાવિક પટેલ, ડૉ.દેવમ્ સોની વગેરેએ તેમની નિયુક્તિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### કોંગ્રેસના ગઢમાં ગાબડાની શરૂઆત

# બાયડ કસ્બા વિસ્તારના ૧૫ લઘુમતી યુવાનોએ ભાજપનો ભગવો ધારણ કર્યો

### જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખે ખેસ પહેરાવી આવકાર્યા

બાયડ તા.૧૦

બાયડના કસ્બા વિસ્તારમાં કોંગ્રેસના ગઢમાં ગાબડા પડવાની શરૂઆત થઈ છે. બાયડ કસ્બા વિસ્તારના ૧૫ લઘુમતી યુવાનો



ભાજપની વિકાસની રાજનીતિથી પ્રેરાઈને કોંગ્રેસને બાય-બાય કરી ભાજપનો ભગવો ધારણ કર્યો છે. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રકુમાર જે. પટેલે ભાજપમાં પ્રવેશ મેળવનારા લઘુમતી યુવાનોને ખેસ પહેરાવી આવકાર્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ શહેર ભાજપ સંગઠનની બેઠક જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલની અધ્યક્ષતામાં અને શહેર સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, મહામંત્રી દિપકભાઈ પટેલ વગેરેની ઉપસ્થિતિમાં વારેણા આશ્રમ ખાતે રવિવારે યોજવામાં આવી હતી. જેમાં વર્ષ-૨૦૧૪થી અત્યાર સુધી બાયડ શહેર ભાજપના વોર્ડમાં શક્તિ કેન્દ્રમાં મહત્વની ભૂમિકા અદા કરનારા કાર્યકરોની ફોટા સાથેની પરીચય પુસ્તિકા તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સમગ્ર જિલ્લાના તમામ શક્તિકેન્દ્રમાં જે તે કાર્યકરની મહત્વની ભૂમિકા અને કયા હોદ્દા ઉપર કેટલા સમય સુધી કામ કર્યું તે તમામ વિગતો કંડારવામાં આવશે. બાયડની આગવી ઓળખ ઉભી થાય તે માટે પ્રવેશદ્વાર બનાવવા માટે પણ ચર્ચા થઈ તેમજ જાગાના તળાવના બ્યુટીફીકેશન માટે પણ વિચારણા કરવામાં આવી. જ્યારે બાયડમાં વિકરાળ બનતી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે બાયપાસ અંગે સરકારમાં યોગ્ય રજુઆત કરવા ચર્ચા કરવામાં આવી.

ત્યારબાદ લઘુમતી સમાજના ૧૫ યુવાનોએ ભાજપમાં પ્રવેશ મેળવતાં બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, કોર્પોરેટર ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ જે. પટેલ, હર્ષદભાઈ આર.પટેલ(મુખી), અશોકભાઈ પટેલ, સંગઠન ઉપપ્રમુખ ભલુભાઈ પટેલ, મંત્રી હેમંતભાઈ પટેલ સહિત ભાજપના અગ્રણીઓએ આવકારી ખેસ પહેરાવી તેમનું સ્વાગત કર્યું હતું.

# ઉત્તર ગુજરાતમાં તંત્ર ઉંઘતું રહ્યું ને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો બજારમાં ઠલવાયો

### ઉત્તરાયણને આડે ગણતરીના દિવસને ચાઈનીઝ દોરી જપ્ત કરવા તાયફા

બાયડ, તા.૧૦

ઉત્તર ગુજરાતમાં ઉત્તરાયણના પર્વની ઘડીઓ ગણાઈ રહી છે. ચાઈનીઝ દોરી અને તુક્કલના વેચાણ ઉપર પ્રતિબંધ હોવા છતાં લાખો રૂપિયાની કિંમતનો જથ્થો બજારોમાં ઠલવાયા પછી તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગ્યું છે. ચાઈનીઝ દોરીનો જથ્થો વેચાણ થઈ ગયા પછી ૫ જિલ્લામાં કહેવા ખાતર જથ્થો જપ્ત કરવાની કામગીરી શરૂ થઈ છે. સરકાર દ્વારા ચાઈનીઝ દોરી ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે તો પછી જથ્થો દુકાનદારો સુધી પહોંચે છે કેવી રીતે તે સવાલ ચર્ચાનો વિષય બન્યા છે.

દર વર્ષે ઉત્તરાયણના ૧૦ દિવસ દરમ્યાન દોરીથી ઘાયલ થવાના અસંખ્ય બનાવ નોંધાતા હોય છે જેમાં ચાઈનીઝ દોરી રાહદારી તેમજ દ્વિ-ચક્રી વાહન ચાલકોનાં ગળાં કાપી નાખતી



હોવાથી અગાઉના વર્ષોમાં મૃત્યુના બનાવ પણ નોંધાયા છે જેથી સરકાર દ્વારા ઉત્તરાયણ સમયે ચાઈનીઝ દોરી તેમજ તુક્કલ ઉપર પ્રતિબંધ લગાવવામાં આવતો હોય છે. ઉત્તર ગુજરાતના પતંગ પર્વ નજીક આવતાં ૫ જિલ્લાના સમાહર્તાઓ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી ચાઈનીઝ દોરીના વેચાણ ઉપર રોક લગાવાઈ પરંતુ પ્રતિબંધની ઐસી તૈસી કરી ચાઈનીઝ દોરીનો જથ્થો આસાનીથી વેપારીઓ સુધી પહોંચી ગયો છે. બજારોમાં પતંગ-દોરીની ખરીદી શરૂ થઈ છે તેની સાથે ચાઈનીઝ દોરી પણ પાછલા બારણે વેચાણ થઈ રહી છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ગણ્યા ગાંઠ્યા કિસ્સાઓમાં ચાઈનીઝ દોરીનું વેચાણ થતું હોવાની બાબત તંત્રના ધ્યાને આવી છે જેથી કેટલીક દુકાનોમાં તપાસના નામે તાયફા શરૂ કરવામાં આવ્યા છે. સરકાર જો પ્રતિબંધ લગાવી શકે છે તો પછી ચાઈનીઝ દોરીનો જથ્થો દુકાનદારો સુધી કેવી રીતે પહોંચે છે..?? તે સવાલ ઘણું બધું કહી જાય છે. ટૂંકમાં અન્ય જાહેરનામાની જેમ ચાઈનીઝ દોરી ઉપરના પ્રતિબંધનાં જાહેરનામાં પણ કાગળનાં ફરફરીયાં બનીને રહી ગયાં હોય તેવી સ્થિતિ ઉજાગર થઈ છે.

### અરવલ્લીમાં કોરોનાની ત્રીજી લહેર સામે જિલ્લાની તૈયારી અંગે સમીક્ષા બેઠક

સમગ્ર રાજ્યમાં કોરોના સંક્રમણના દિન-પ્રતિદિન કેસ સામે આવી રહ્યા છે ત્યારે કોરોના વાયરસની સંભવિત ત્રીજી લહેરના અગમચેતી પગલાના ભાગરૂપે વર્તમાન સ્થિતિ અને આયોજન વિશે સમીક્ષા બેઠક ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ અને જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. જિલ્લામાં કોરોનાની પરિસ્થિતિ અને ગ્રામ્ય કક્ષાએ કેસોની વિસ્તાર વાઈઝ સ્થિતિ, ઓક્સિજનની ઉપલબ્ધતા, જરૂરી બેડની ઉપલબ્ધતા, કોરોના ટેસ્ટીંગ, વેક્સીનેશન, ડૉક્ટર, મેડીકલ સ્ટાફની ઉપલબ્ધતા, મેનપાવર, કંટ્રોલ-કમાન્ડ સેન્ટર, હોમ આઈસોલેશન, ધનવંતરી રથ, સંજીવની રથ, દવાઓની જરૂરીયાતો અને ઉપલબ્ધતા, કોવિડ કેર સેન્ટર, જરૂરિયાતો તેમજ આગોતરી તૈયારીઓ અંગેની કામગીરીની સમીક્ષા કરી હતી.



NDDB દ્વારા આયોજિત અભ્યાસ ટુરમાં શ્વેત ક્રાંતિના સર્જક ડૉ. વર્ગીસ કુરિયનના વતન એવા કેરલના માલાબાર જિલ્લા દૂધ સંઘના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ બનાસડેરીની મુલાકાતે આવ્યા હતા. તેમણે બનાસ ડેરીના પ્લાન્ટસ, મેડિકલ કોલેજ અને બનાસ હૈં ક્હપ્ન પ્લાન્ટની મુલાકાત લીધી હતી.

# ઉત્તર ગુજરાતમાં ઉત્તરાયણ પર્વે ઘાયલ પક્ષીઓ માટે કરૂણા અભિયાન ચલાવાશે

બાયડ તા.૧૦

આગામી સમયમાં ઉત્તરાયણનું પર્વ આવી રહ્યું છે ત્યારે પતંગ-દોરીથી ઘાયલ થતા અબોલ પશુ-પક્ષીઓને બચાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કરૂણા અભિયાનની વર્ષ-૨૦૧૮ થી શરૂઆત કરવામાં આવી હતી જે ચાલુ વર્ષ-૨૦૨૨ માં પણ અભિયાનને આગળ ધપાવવાનું હોવાથી ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાઓમાં વહીવટી તંત્ર દ્વારા કરૂણા અભિયાનની ક્વાયત શરૂ કરવામાં આવી છે. પતંગ-દોરીથી ઈજાગ્રસ્ત થતા પશુ-પક્ષીઓની સારવાર કરવા માટે પશુ દવાખાના, વન વિભાગ તેમજ મોબાઈલ વેટેરનરી વાન સહિતના સારવાર કેન્દ્રો પતંગ પર્વના દિવસે તૈનાત રાખવામાં આવશે.

દર વર્ષે ઉત્તરાયણ પર્વના ૧૦ દિવસ દરમ્યાન હજારો પક્ષીઓ આકાશમાં ઉડતા પતંગની દોરીથી ઘાયલ થતાં હોય છે. મુક્ત આકાશમાં ઉડતા પક્ષીઓ માટે કાતિલ દોરી પ્રાણઘાતક સાબિત થતી હોય છે તો કેટલાક કિસ્સાઓમાં ઉંચે ઉડતા પક્ષીઓની પાંખો કપાઈ જતાં ઘાયલ થઈને જમીન ઉપર પટકાતાં હોય છે જેથી રાજ્ય સરકાર દ્વારા ૩ વર્ષ અગાઉ ઉત્તરાયણ પર્વને અનુલક્ષી કરૂણા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું જેમાં ઉત્તરાયણના દિવસો દરમ્યાન ઘાયલ થતા પશુ-પક્ષીઓની ત્વરીત સારવાર માટે સારવાર કેન્દ્રો ખોલવામાં આવતાં ૩ વર્ષના સમયગાળામાં હજારો પક્ષીઓને નવજીવન મળ્યું છે ત્યારે આ વર્ષે પણ સરકારના આ અભિયાનને વધુ સફળ બનાવવા માટે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ઘાયલ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરવા માટે સ્વૈચ્છીક સેવાભાવી સંસ્થાઓને પણ આ અભિયાનમાં જોડવા માટેની ક્વાયત હાથ ધરવામાં આવી છે. જેમાં પશુપાલન વિભાગ, વન વિભાગ સહિતની ટીમો ઉત્તરાયણના દિવસે તૈનાત રાખવામાં આવશે અને પતંગ-દોરીથી જે કોઈ પશુપક્ષી ઘાયલ મળી આવશે તેને સારવાર કેન્દ્રો ઉપર લઈ જઈ જરૂરી સારવાર આપવા માટેનો તખ્તો ગોઠવવામાં આવ્યો છે.